# વિષય :– ગુજરાતી

**ધોરણ:– ૭** **૨. આજની ઘડી રળિયામણી** **કુલ ગુણ :– ૧૦**

## ૧. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો:

(૧) 'આજની ઘડી રળિયામણી' ભક્તિગીત કોને સંબોધીને લખવામાં આવ્યું છે ?

**A.** સખીને **B.** રાધાને **C.** નરસિંહને **D.** વહાલાને

(૨) સખી કોને 'વહાલાજી' કહે છે ?

**A.** પતિને **B.** પ્રિયતમને **C.** શ્રીકૃષ્ણને **D.** વાલમને

(૩) સખી ચોક શાનાથી પૂરવા કહે છે ?

**A.** મોતીડાથી **B.** પાંદડાંથી **C.** વાંસથી **D.** રંગથી

(૪) સખી કેવા વાંસ વઢાવવાનું કહે છે ?

**A.** લીલા **B.** સૂકા **C.** લીલાસૂકા **D.** ઊંચા

(૫) અહીં કાવ્યમાં 'પૂરોપૂરો' એટલે......

**A.** ભરો **B.** સંપૂર્ણ **C.** આખેઆખો **D.** દોરો

(૬) તરિયાતોરણમાં કયા વૃક્ષના પાનનો સમાવેશ નથી ?

**A.** આસોપાલવ **B.** આંબો **C.** નાળિયેર **D.** કેળ

(૭) ગોપી કોના આવવાની વધામણી આપે છે ?

**A.** સખીના **B.** રળિયામણી ઘડીના **C.** વહાલાના **D.** રાધાના

(૮) કાવ્યમાં 'પાણી' માટે કયો શબ્દ વપરાયો છે ?

**A.** જળ **B.** વારિ **C.** નીર **D.** ઉદક

(૯) અહીં 'નરસૈંયાના સ્વામી' એટલે .....

**A.** સખી **B.** શ્રીકૃષ્ણ **C.** ભગવાન **D.** હાથિયો

(૧૦) વાંસમાંથી વહાલાજી માટે શું બનાવવાનું છે ?

**A.** ખાટલી **B.** મંડપ **C.** હીંચકો **D.** પંખો

# વિષય :- ગુજરાતી

**ધોરણ:- ૭ ૩. પરીક્ષા કુલ ગુણ :- ૧૦**

**૧. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો: ૬ ગુણ**

(૧) 'પરીક્ષા' વાર્તાલેખકનું નામ જણાવો.

**A.** પ્રવીણ દરજી **B.** પન્નાલાલ પટેલ **C.** ધૂમકેતુ **D.**કાકા કાલેલકર

(૨) અહીં પાઠમાં 'તે સૂરજની ગતિ શાળા તરફ વધતી જતી હતી' એટલે...

**A.** સૂરજ શાળા તરફ જતો હતો **B.** શાળાનો સમય થતો જતો હતો.

**C.** સૂરજ શાળાએ જવા દોડતો હતો. **D.** સૂરજ ભણવામાં હોંશિયાર થતો જતો હતો.

(૩) મહાદેવના કાકાનો સ્વભાવ કેવો હતો ?

**A.** માનવતાવાદી **B.** ખારીલો **C.** ક્રૂર **D.** દયાળુ

(૪) મહાદેવની નજર એકાએક કેમ થંભી ગઇ ?

**A.** મોલ જોઇને **B.** ઝાડનાં ઝૂંડ જોઇને

**C.** ઉંબીઓ જોઇને **D.** મોલ ખાતી ગાયને જોઇને

(૫) શિષ્યવૃત્તિની પરીક્ષામાં કેટલા વિદ્યાર્થીઓ બેઠા હતા ?

**A.** છ **B.** આઠ **C.** દસ **D.** બાર

(૬) 'પરીક્ષા' પાઠની શરૂઆતમાં લેખકે કઇ ઋતુનું વર્ણન કર્યું છે ?

**A.** શરદ **B.** વસંત **C.** પાનખર **D.** વર્ષા

**૨. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો: ૪ ગુણ**

(૧) પરીક્ષામાં .............. ચૂકથી તેનો એક પ્રશ્ન રહી ગયો. (શરત, સરત )

(૨) વર્ગમાં પ્રથમ પાંચમાં મારો ............. નહોતો. (સમાવેશ, શમાવેશ )

(૩) રણમાં જીતે તે ................... . (સૂર, શૂર )

(૪) ધનપાલની ................ ગામમાં ખૂબ સારી છે. (શાખ, સાખ )

# વિષય :– ગુજરાતી

**ધોરણ:– ૭** **૪. બે ખાનાંનોપરિગ્રહ** **કુલ ગુણ :– ૧૦**

## ૧. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો: ૫ ગુણ

(૧) ગાધીજીએ મુસાફરી માટે કયા વાહનનો ઇનકાર કર્યો ?

**A.** મોટરગાડીનો **B.** આગગાડીનો **C.** વિમાનનો **D.** સલૂનનો

(૨) ગરમીના દિવસોમાં બાપુજી બપોરનું ભોજન કેટલા વાગ્યે લેતા ?

**A.** 10 વાગ્યે **B.** 11 વાગ્યે **C.** 12 વાગ્યે **D.** 1 વાગ્યે

(૩) મનુબહેન બાપુજીના ખાનામાં આવ્યાં ત્યારે બાપુજી શું કરતા હતા ?

**A.** લખતા હતા. **B.** જમતા હતા. **C.** ઊંઘતા હતા. **D.** વાંચતા હતા.

(૪) ગાંધીજી મનુબહેનને રેલવેના ડબાની બારીની બહાર શું બતાવવા માગતા હતા ?

**A.** મેદની **B.** વૃક્ષો **C.** લટકતા લોકો **D.** ખેતરો

(૫) 'જે ન જોઇતું હોય છતાં વધારે મળે છે માટે તે વાપરવું' – એમાં ગાંધીજી શું જોતા હતા ?

**A.** હિંસા **B.** અહિંસા **C.** અપરિગ્રહ **D.** કસોટી

## ૨. નીચેના શબ્દોને શબ્દકોશની કક્કાવારીના ક્રમમાં ગોઠવો: ૨ ગુણ

અમૂલ્ય, અહિંસા, અત્યંત, ઇનકાર

## ૩. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો આપો : ૩ ગુણ

મુસાફરી, જીવન, કસોટી,

તકલીફ, વશ, મુશ્કેલ

# વિષય :– ગુજરાતી

**ધોરણ:– ૭** **૫. રાનમાં (પદ્ય)** **કુલ ગુણ :– ૧૦**

**૧. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો: ૨ ગુણ**

(૧) 'ચોમાસું' ક્યાં ગાજે છે ? **C**

**A.** ગાનમાં **B.** સીમમાં **C.** રાનમાં **D.** આકાશમાં

(૨) વાયરા શો સંદેશો લાવે છે ? **B**

**A.** વરસ બેઠું **B.** ચોમાસું બેઠું **C.** મકાન બેઠું **D.** ઊંટ બેઠું

**૨. કાવ્યને આધારે નીચેના 'બ' વિભાગના શબ્દોને 'અ' સાથે જોડો: ૫ ગુણ**

| 'અ' | ઉત્તર | 'બ' |
|---|---|---|
| ટહુકો | 2 | (1) સંદેશો |
| ચોમાસું | 4 | (2) ઝાડપાન |
| વાછંટો | 5 | (3) લીલાશ |
| વાયરા | 1 | (4) રાન |
| વાડ | 3 | (5) મકાનમાં |

**3. કાવ્યને આધારે પંક્તિઓનો યોગ્ય ક્રમ [ ] માં લખો: 3 ગુણ**

(૧) ઊંચેથી આરપાર સરતું આકાશ હવે ઊતરશે **2**

(૨) કાલ સુધી રહેતાં'તાં આપણે ને કાલથી તો ..... **3**

(૩) વાડ પરે સૂતેલી સઘળી લીલાશ હવે નીતરતી **1**

# વિષય :– ગુજરાતી

**ધોરણ:– ૭** **૬. ભીખુ** **કુલ ગુણ :– ૧૦**

**૧. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો: ૫ ગુણ**

(૧) 'એક કંગાલ પર ઈતની રહમ કરો !' –આ વાક્ય કોણ બોલે છે ? **B**

**A.** ભીખુ **B.** કંગાળ સ્ત્રી **C.** લોકો **D.** દરદી

(૨) ભિખારી છ પૈસાનું શું જોખાવતો હતો ? **D**

**A.** મીઠાઇ **B.** જલેબી **C.** બરફી **D.** દાળિયા

(૩) 'ભીખુ' પાઠના લેખકનું નામ જણાવો. **C**

**A.** રઘુવીર ચૌધરી **B.** બકુલ ત્રિપાઠી

**C.** ધૂમકેતુ **D.** પન્નાલાલ પટેલ

(૪) વીજળીની રોશની શાનાથી ઝાંખી થતી હતી ? **A**

**A.** ધુમાડાથી **B.** મિલથી **C.** ચમકારાથી **D.** સાંજથી

(૫) 'ભીખુ' પાઠમાં 'આ છોકરો સ્તંભ હશે' શબ્દોનો અર્થ શો છે ? **D**

**A.** કમાતો **B.** નોકરી કરતો હતો

**C.** અડગ **D.** કુટુંબમાં જવાબદાર

**૨. નીચેના શબ્દોને શબ્દકોશની કક્કાવારીના ક્રમમાં ગોઠવો: ૩ ગુણ**

જરાક, જુલમ, જીવાદોરી, જલેબી, જાત, જોખાવવું

**૩. નીચેના શબ્દોની જોડણી સુધારો : ૨ ગુણ**

સાયકલ, આર્કષક , મૂસાફરી, વીજળી

# વિષય :– ગુજરાતી

**ધોરણ:– ૭** **૭. જીવનપાથેય** **કુલ ગુણ :– ૧૦**

**૧. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો: ૨ ગુણ**

(૧) 'દત્તુને કૉલેજમાં નથી જ મોકલવો ' એવું પહેલેથી કોણે નક્કી કર્યું હતું ? B

**A.** માતાએ **B.** પિતાજીએ **C.** ભાઇએ **D.** મામાએ

(૨) લેખકના પિતાશ્રી કયા રાજ્યના ટ્રેઝરી ઑફિસર હતા ? D

**A.** પૂણે **B.** વર્ધા **C.** નાશિક **D.** સાંગલી

**૨. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો : ૩ ગુણ**

(૧) પિતાશ્રી પીગળ્યા ................... એમણે મને કૉલેજમાં જવાની રજા આપી.

( પણ, કારણ કે , **અને** )

(૨) આપણી પાસે કંઇ એવી મૂડી નથી ........ આપણે વેપાર કરી પૈસાદાર થઇ શકીએ.

( પણ, **કે** , અને )

(૩) આ વિચાર અનેક વાર મારા મનમાં આવતા, ............... કોઈની આગળ એ બોલવાની મારામાં હિંમત નહોતી.

( **પણ**, અને , કારણ કે )

**૩. નીચેનું દરેક વાક્ય વાંચો અને તે કયા કાળનું છે તે સામેના ખાનામાં લખો: ૫ ગુણ**

| ક્રમ | વાક્ય | વાક્યનો કાળ |
|---|---|---|
| ઉદાહરણ: – | પ્રજ્ઞા પ્રાર્થના કરે છે. | વર્તમાનકાળ |
| (૧) | શનિવારે મારી શાળા બંધ રહેશે. | |
| (૨) | હું આવી રહ્યો છું. | |
| (૩) | અમારા સાહેબ કાલે આવ્યા નહોતા. | |
| (૪) | ચોર ચોરી કરીને ભાગી ગયો. | |
| (૫) | કાલે સુખનો સૂરજ ઊગશે. | |

# વિષય :– ગુજરાતી

**ધોરણ:– ૭** **૮. માલમ હલેસાં માર** **કુલ ગુણ :– ૧૦**

**૧. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો: ૪ ગુણ**

(૧) દિયરે ભાભીને કેવાં કહ્યાં છે ? **C**

**A.** સમજદાર **B.** જ્ઞાની **C.** કેસરભીનાં **D.** સ્નેહભીનાં

(૨) દિયરને દરિયાપાર શા માટે જવાની ઈચ્છા છે ? **B**

**A.** રહેવા **B.** કમાવા **C.** ફરવા **D.** પરણવા

(૩) દિયર શાનો સરદાર છે ? **A**

**A.** આળસનો **B.** ગામનો **C.** મૂરખનો **D.** લશ્કરનો

(૪) 'માલમ, મોટાં હલેસાં તું માર' આ વાક્ય કોણ બોલે છે ? **C**

**A.** ભાભી **B.** કવિ **C.** નાવિક **D.** દિયર

**૧. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો: ૪ ગુણ**

(૧)માલમ, મેણું , મતિ, મોતી

ઉત્તર:– મતિ, માલમ, મેણું, મોતી

(૨)બંદર, અવતાર, હલેસાં, સરદાર

ઉત્તર:– અવતાર, બંદર, સરદાર, હલેસાં

**૧. નીચેના શબ્દોના અર્થની યોગ્ય જોડ બનાવો અને સાચો જવાબ [ ] માં લખો: ૨ ગુણ**

| **વિભાગ 'અ'** | | **વિભાગ 'બ'** |
|---|---|---|
| (૧) દ્વિપ | 4 | (૧) સ્ત્રી, નારી |
| (૨) દ્વીપ | 3 | (૨) લાંબી પોલી દાંડી કે નળી |
| (૩) નાર | 1 | (૩) બેટ, ટાપુ |
| (૪) નાળ | 2 | (૪) હાથી |

# વિષય :– ગુજરાતી

**ધોરણ:– ૭** **૯. બાનો વાડો** **કુલ ગુણ :– ૧૦**

**૧. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો: ૭ ગુણ**

(૧) લેખક જીવનઘરનો તોતિંગ મોભ કોને કહે છે ? **C**

**A.** બાને **B.** વાડાને **C.** પિતાજીને **D.** ધર્મને

(૨) બાની આંખ ક્યારે ભીની થઇ જતી ? **A**

**A.** પતિની વાત નીકળતાં **B.** વાડો જોઈને

**C.** પિતાની વાત નીકળતાં **D.** દીકરાને જોઈને

(૩) બા શાની ખેરાત કરતાં ? **B**

**A.** ઔષધોની **B.** ફળો–ફૂલોનાં બીજની **C.** લીંબુની **D.** ફળો–ફૂલોની

(૪) બા ક્યારે વાડા વિના ઝુરાપો અનુભવે છે ? **D**

**A.** બા પરદેશ જાય ત્યારે **B.** પતિની યાદ આવે ત્યારે

**C.** પડોશીને ત્યાં જાય ત્યારે **D.** દીકરાને ઘેર ત્યાં જાય ત્યારે

(૫) બાના વાડાને લેખક કયા નામે ઓળખાવે છે ? **A**

**A.** ઔષધાલય **B.** ઔષધવાડો **C.** ફૂલવાડી **D.** બાગ

(૬) 'બાનો વાડો' – પાઠના લેખકનું નામ જણાવો. **B**

**A.** કલ્પેશ પટેલ **B.** પ્રવીણ દરજી **C.** કિશોર અંધારિયા **D.** ધ્રુવ ભટ્ટ

(૭) બા પહેલાં કૂવેથી શાના મારફતે પાણી ખેંચીને લાવતાં ? **C**

**A.** ડોલ મારફતે **B.** ઘડા મારફતે **C.** ચાકળી મારફતે **D.** ચાકરી મારફતે

## ૨. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો: ૩ ગુણ

ઉદ્યોગ, કર્મ, ઊમટવું, ફળ, કાગડી, કરિયાતું

ઉત્તર:– ઉદ્યોગ, ઊમટવું, કરિયાતું, કર્મ, કાગડી, ફળ

# વિષય :– ગુજરાતી

**ધોરણ:– ૭ ૧૦. વલયની અવકાશી સફર કુલ ગુણ :– ૧૦**

**૧. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો: ૭ ગુણ**

(૧) ચમકતો પદાર્થ જમીન ક્યાં ઊતર્યો ? **A**

**A.** મોટા મેદાનમાં **B.** ધાબા ઉપર **C.** કૉમન પ્લોટ **D.** સોસાયટીમાં

(૨) પરગ્રહવાસીઓએ કયો એક જ રંગ જોયો છે ? **C**

**A.** સફેદ **B.** લીલો **C.** લાલ **D.** તરંગ

(૩) કમળની પાંદડીઓની જેમ ચારેય દિશામાં શું ખૂલી ગયું ? **B**

**A.** બારી **B.** યાન **C.** ઈંડું **D.** રૂમ

(૪) વિચિત્ર જીવના હાથનાં લાંબાં આંગળાં પર શું હતું ? **D**

**A.** ટૉર્ચ **B.** ડેશ બોર્ડ **C.** વાઇબ્રેશન **D.**પુશબટન જેવી સ્વિચો

(૫) 'વલયની અવકાશી સફર' પાઠમાંનો મિત્રોનો અનુભવ કયા માસનો હતો ? **B**

**A.** એપ્રિલ **B.** મે **C.** જૂન **D.** જુલાઇ

(૬) રાતા રંગથી ઝળાંહળાં રચનાનો આકાર કેવો હતો ? **A**

**A.** લંબગોળ **B.** ગોળ **C.** સમચોરસ **D.** લંબચોરસ

(૭) ત્રણેય મિત્રો કયા ગ્રહ ઉપર હતા ? **C**

**A.** ચંદ્ર **B.** સૂર્ય **C.** ટીટાન **D.** વલય

(૮) પૃથ્વી ઉપર કઇ ધાતુ મેળવવા પરગ્રહવાસીઓ જાસાચિઠ્ઠી મોકલવાના હતા ? **D**

**A.** પેટ્રોલિયમ માટે **B.** ચાંદી માટે **C.** સોના માટે **D.**યુરેનિયમ માટે

(૯) પરગ્રહ ઉપરનાં બાંધકામો કેવા આકારનાં હતાં ? **B**

**A.** લંબચોરસ **B.** ષટ્કોણીય **C.** ચતુષ્કોણીય **D.** અષ્ટકોણીય

(૧૦) લેખકે વિચિત્ર રાખોડિયા જીવોને કોની દુનિયા કહી છે ? **A**

**A.** ભૂતાવળની **B.** ભૂતકાળની **C.** વૈજ્ઞાનિકોની **D.** રંગોની